ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના સુરેન્દ્રનગર હસ્તકના પરંતુ અમદાવાદ જિલ્લામાં આવતા ઉપકેન્દ્ર-ઘોળી ભાલ, તા.ધંધુકાને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના-અમદાવાદ ખાતે તબદીલ કરવા મંજૂરી આપવા બાબત

કૃષિ અને સહકાર વિભાગ
ક્રમાંક. ૬૭૦૪૧૧
29 SEP 2018

ગુજરાત સરકાર,
કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ,
ઠરાવ ક્રમાંક : એસડીપી/૧૨/૨૦૧૭/૧૮૦૧/પી.૧,
સચિવાલય - ગાંધીનગર.
તારીખ : ૨૮/૦૯/૨૦૧૮

વંચાણે લીધા :

૧. પશુપાલન નિયામકશ્રી, ગુ.રા, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઘપસુયો/મુમએ/ઘપસ-૨/૨૭૦/૧૮ તા. ૦૪/૦૮/૨૦૧૮

**આમુખ:**

વંચાણે લીધેલ સંદર્ભ(૧)થી પશુપાલન નિયામકશ્રીએ ઉપકેન્દ્ર- ઘોળી-ભાલ હાલમાં ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક- સુરેન્દ્રનગરના નિયંત્રણ હેઠળ હોઈ, પરંતુ ઘોળી-ભાલ ગામનો સમાવેશ અમદાવાદ જિલ્લામાં કરવામાં આવેલ હોઈ, સદર ઉપકેન્દ્રને વહીવટી/ તાંત્રિક કારણોસર નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક- અમદાવાદના નિયંત્રણ હેઠળ મુકવું જરૂરી હોઈ, હાલના ઉપકેન્દ્ર ઘોળી-ભાલને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક સુરેન્દ્રનગરના નિયંત્રણ હેઠળથી નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક- અમદાવાદના નિયંત્રણ હેઠળ મુકવા મંજુરી આપવા અત્રે કરેલ દરખાસ્ત હતી. જેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**

પુખ્ત વિચારણાને અંતે ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના સુરેન્દ્રનગર હસ્તકના પરંતુ અમદાવાદ જિલ્લામાં આવતા ઉપકેન્દ્ર-ઘોળી ભાલ, તા.ધંધુકાને ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના-અમદાવાદ ખાતે આથી તબદીલ કરવાનું ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી(પ.પા.)ની તા.૨૪/૦૯/૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

"ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે"

ડી.જે.બારોટ

(ડી.જે.બારોટ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી(પ.પા.)ના અંગત સચિવશ્રી,કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પશુપાલન નિયામકશ્રી, ગુ.રા, કૃષિભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી, (ES-૧)એકાઉન્ટ જનરલ, અમદાવાદ(E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડીટ ભવન,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- સેક્શન અધિકારીશ્રી,(આઈ.ટી.સેલ), કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, પ.૨, અ અને નાણાં શાખા.
- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક- અમદાવાદ
- નાયબ પશુપાલન નિયામક, ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક- સુરેન્દ્રનગર
- શાખા સિલેકટ ફાઇલ